# અમીનપુરમાં પાટીદાર મહિલાઓનો "થાળીનાદ"

## પાટીદાર મહિલાઓ અનામતની માંગ સાથે સરકાર સામે થાળીઓ ખખડાવી રોષ ઠાલવ્યો : પાટીદાર મૃતકો માટે બે મિનિટનું મૌન તથા મૃતક પરિવાર માટે ફાળો એકઠો કરવામાં આવ્યો



પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાતભરમાં પાટીદાર સમાજ દ્વારા અનામતને લઈ ઠેર ઠેર વિવિધ પ્રકારના કાર્યક્રમો ચાલી રહ્યા છે ત્યારે પ્રાંતિજના અમીનપુર ખાતે પણ પાટીદાર સમાજની મહિલાઓ દ્વારા રેલી યોજી થાળીઓ ખખડાવી સરકાર સામે રોષ વ્યક્ત કર્યો હતો.

પ્રાંતિજ તાલુકાના અમીનપુર ખાતે પાટીદાર સમાજની મહિલાઓ દ્વારા મંગળવારના રોજ રાત્રીના ૮.૩૦ કલાકે અમીનપુર ગામમાં રેલી યોજી થાલીઓ ખખડાવાનો કાર્યક્રમ યોજાયોહતો અને બે મિનિટનું મૌન પણ પાટીદાર અનામત માટે જીવ ગુમાવેલ મૃતકો માટે પાડવામાં આવ્યું હતું. જ્યારે અનામત નહીં તો વોટ નહી, અનામત નહી તો સરકાર નહી, જય સરદાર જય પાટીદાર નારા સાથે પાટીદાર મહિલાઓ દ્વારા વેલણ થાળીઓ સાથે નિકળી પડી અને થાળીઓ ખખડાવી સરકાર સામે રોષ વ્યક્ત કર્યો હતો.

જ્યારે ગામના મુખ્ય પ્રવેશ દ્વાર ઉપર રાજકીય પક્ષો કે રાજકારણીઓએ પ્રવેશ કરવો નહી તેવા બેનર લટાકવવામાં આવશે અને સરકાર દ્વારા યોજાનાર કાર્યક્રમો જાહેરમાં વિરોધ કરવામાં આવશે. આમ અનામતની માંગ દિવસે ને દિવસે સળગતી જતા પાટીદાર યુવાનો સાથે મહિલાઓ પણ થાળીઓ વેલણ લઈ રેલી યોજી થાળીઓ ખખડાવી રોષ ઠાલવ્યો હતો.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



બનાસકાંઠાના કાંકરેજ તાલુકા મથકે બનાસડેરી બચાવો સમિતિ દ્વારા રેલી યોજી મામલતદારને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જેમાં અણદાભાઈ પટેલની આગેવાનીમાં ૧ ૨ જેટલા સ્થાનિકો જોડાયા હતા. શિહોરી સર્કિટ હાઉસથી રેલી નીકળી શિહોરી બજાર, પંચાયત કચેરી અને પોલીસમક થઈ મામલતદાર કચેરીએ પહોંચી હતી. જ્યાં ઈશ્વરભાઈ પટેલ, ગીરીશભાઈ પટેલ વગેરેએ મામલતદાર પાટડીયાને આવેદનપત્ર પાઠવ્યું હતું.

## ધનસુરા તાલુકા મથકે શુલભ શૌચાલયના અભાવે મુલાકાતીઓને હાલાકી

ધનસુરા તાલુકા મથક ખાતે પે એન્ડ યુઝ શુલભ શૌચાલય બનાવવા માટે ધનસુરા ગ્રામ પંચાયતે ઘણા સમય અગાઉ જરૂરી રકમ તાલુકા પંચાયતમાં ભરી દીધી છે. તેમ છતાં સરકારી તંત્રની આડોડાઈના લીધે આમજનતાને જાહેર શૌચાલયના અભાવે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

અરવલ્લી જિલ્લાની સૌથી મોટી ગ્રામ પંચાયત તરીકે ધનસુરા ગ્રામ પંચાયત કાર્યરત છે. ધનસુરા ગામ એ તાલુકા મથક પણ છે. જ્યાં અંદાજે ૨૫ હજારથી વધુ લોકો નિવાસ કરે છે. તાલુકા મથક હોવાના લીધે ધનસુરામાં હજારોની સંખ્યામાં આસપાસથી ગ્રામજનો પોતાના કામકાજ અર્થે આવે છે. બીજી બાજુ નેશનલ હાઈવે પણ પસાર થતા અસંખ્ય નાના-મોટા વાહનોની પણ ભારે અવર જવર રહે છે. તેમ છતાં ધનસુરા ચાર રસ્તા પાસે કોઈ જ જાહેર શૌચાલય નથી. આથી તાલુકા મથકે આવતા મુલાકાતીઓને વારંવાર શૌચક્રીયા માટે ભારે તકલીફ વેઠવી પડે છે. પરિણામે ધનસુરા ગ્રામ પંચાયતે થોડા સમય અગાઉ જાહેર શૌચાલય બનાવવા જરૂરી રકમ તાલુકા પંચાયતમાં ભરી દીધી છે. તેમ છતાં તંત્રની આડોડાઈને લીધે સ્થાનિકો જાહેર શૌચાલયના અભાવે વારંવાર મુશ્કેલી અનુભવી રહ્યા છે. આ સંદર્ભે સ્થાનિકોએ જિલ્લાકક્ષાએ અનેક લેખિત રજુઆત કરી છે પરંતુ આજ દિન સુધી કોઈ કાર્યવાહી ન થતાં સ્થાનિકો રોષે ભરાયા છે અને તુરંત જાહેર શૌચાલય ઉભુ કરવા માંગણી કરી રહ્યા છે.

## અરવલ્લી જીલ્લા આરટીઓની ટેક્ષ ભર્યા વગરની ટ્રકો સામે લાલ આંખ

### ૧૫થી વધારે ટ્રક પકડી : ગેર કાયદેસર ટ્રક ચલાવનારમાં ફફડાટ

મોડાસા, તા.૧૬

આજકાલ ઓવરલોડ ટ્રકો અને રોડ ટેક્ષ ભર્યાવગરની ટ્રક માટે સ્વર્ગ સમાન બની રહ્યા છે. ત્યારે રાજસ્થાન તરફથી ગુજરાતની સરહદમાં પ્રવેશતી ટ્રકોને ફરજીયાત મોડાસા આસપાસના માર્ગો તપાસ હાથ ધરીને ૧૫ થી વધુ ટ્રકોને ઝડપી લીધી હતી. સરકારની તિજોરીમાં



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ચલાવતા ટ્રાન્સપોટરો છાટકા બન્યા છે ત્યારે અરવલ્લી જીલ્લા આરટીઓ કુંભકર્ણની નીંદ્રામાંથી જાગ્યુ હોઈ તેમ અચાનક જ આવા ટ્રક ચાલકો સામે કાર્યવાહી કરવાનું નક્કી કરતાં ચેંકીંગ હાથ ધરતાં આવા ૧૫ જેટલા ટ્રકો ઝડપી પાડ્યા છે.

અરવલ્લી જીલ્લાના અંતરીયાળ રસ્તા ઓવરલોડ ટ્રકો શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પર ટેક્ષ ભરીને પસાર થવુ પડતુ હોય છે. વર્ષે દહાડે લાખો રુપીયાનો ટેક્ષ બચાવવા કેટલાક સ્થાનીક તત્વોની મદદથી અરવલ્લીના અંતરીયાળ રસ્તાઓ પરથી આવી ટ્રકોને ગુજરાત રાજયની સરહદમાં ઘુસાડી દેવામાં આવે છે. ત્યારે મોડાસા આરટીઓ એ આ મામલાને ગંભીરતાથી લઈ ગાબડુ પડે તેવા પ્રકારના ટેક્ષ ચોરીના આ પ્રયત્નને નિષ્ફળ બનાવી આરટીઓ ઓફિસરે આવા ટ્રકો સામે નીયમનુસાર કાર્યવાહી હાથ ધરી લાખો રુપીયાનો દંડ ફટકારવાની તૈયારી કરી દીધી છે. મોડાસા આરટીઓ દ્વારા લેવાયેલા આ પગલા થી ટેક્ષ ચોરી કરવા ટેવાઈ ગયેલા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# મોડાસામાં આઈસક્રીમની દુકાનમાંથી બાળ મજૂર છોડાવાયો

મોડાસા, તા. ૧૬

મોડાસા નગરપાલિકાની ટીમ દ્વારા મોડાસા શહેરની દુકાનો અને શૉ-રૂમમાં બાળમજૂરો દ્વારા બાળમજૂરી કરાવતી હોવાની ઉઠેલી બુમો અને બાળ મજૂરો રાખવાની વકરેલી બદીને ધ્યાનમાં રાખીને મોડાસા શહેરના બજારોમાં તપાસનો ધમધમાટ હાથ ધરતાં બાળમજૂરી કરાવતા અને બાળમજૂરી રાખતા દુકાનદારો અને શૉ-રૂમના માલિકોમાં ફફડાટ ફેલાયો હતો. મોડાસા નગરપાલિકા ટીમે એક આઈસ્ક્રીમ પાર્લરમાં છાપો મારી ૧૫ વર્ષનો બાળમજૂર છોડાવી દુકાનમાલિક સામે પોલીસ ફરીયાદ નોંધાવી હતી.

મોડાસા નગરપાલિકાના શોપ ઈન્સ્પેક્ટર શકીલ દધાલિયાવાલા અને લેબર ઓફિસર દિનેશ પરમાર અને તેમની ટીમે મોડાસા શહેરના બજારો અને કોલેજ રોડ પર આવેલી દુકાનો અને શૉ રૂમમાં બાળમજૂરોને બાળમજૂરીમાંથી મુક્ત કરાવવા અભિયાન હાથ ધર્યું હતું. જેમાં મોડાસા કોલેજ રોડ પર આવેલી બોમ્બે ચોપાટી




(તસવીર : જય અમીન, મોડાસા)

નામની આીસ્ક્રીમની દુકાનમાંથી આશરે ૧૫ વર્ષની ઉંમરનો બાળમજૂર છોડાવી વધુ સમય દરમિયાન દુકાનમાં કામ કરાવી ત્રાસ અપાતો હોવાનું ધ્યાને આવતા બોમ્બે ચોપાટી આઈસ્ક્રીમના માલીક શ્રવણજી પટેલ (રહે. લક્ષ્મીકુંજ સોસાયટી, મોડાસા) સામે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં બાળ મજૂર ધારા હેઠળ દુકાન માલીક સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### મોડાસા શહેરના ચા-નાસ્તાના સ્ટોલ પર બાળ મજૂરી કરાવાતી હોવાની બૂમ નજર અંદાજ

મોડાસા શહેરના ચા-નાસ્તા અને ખાણીપીણીની લારીઓ અને દુકાનદારો દ્વારા મોડાસા શહેરના મુખ્યમાર્ગો પર બાળમજૂરી કરાવામાં આવે છે. મોડાસા શહેરના માર્ગો પર ચાની કીટલી અને નાસ્તાની ડીશો લઈને ગ્રાહકોને સર્વીસ પુરી પાડતા બાળમજૂરો ઠેર ઠેર નજરે ચડતા હોવા છતાં નગરપાલિકા ટીમ દ્વારા નજર અંદાજ કરવામાં આવ્યો હોય તેવું લાગી રહ્યું છે કે પછી આ બાળમજૂરી કરતા બાળકો સામે આંખ આડા કાન કરાયા કે પછી ફરીયાદ મળે તો જ તપાસ હાથ ધરવી એ ચર્ચાનો વિષય છે.

# ઊંઝા હાઈવે પર ટ્રકની ટક્કરે મહિલાનું મોત

ઊંઝા, તા. ૧૬

ઊંઝા ખાતે હાઈવે પર સાંજના સમયે અદાલતની એક મહિલા કર્મચારીને ટ્રક ટ્રેઈલરની જોરદાર ટક્કર વાગતાં તેણીનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. મૂળ સિદ્ધપુરના વતની અને ઊંઝા ખાતે અદાલતમાં સ્ટેનોગ્રાફર તરીકે ફરજ બજાવતા પ્રિતિબેન હેમલભાઈ પંડ્યા ઉ.વ. ૩૬ સાંજના સમયે અદાલતમાંથી છૂટીને દ્વિચક્રી વાહન પર ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે અદાલતના બિલ્ડીંગ નજીક હાઈવે પર એક ટ્રક ટ્રેઈલરની અડફેટે આવી જતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સ્થળ પર જ તેમનું કરૂણ મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ટ્રક ટ્રેઈલર નંબર જીજે-૧.એ.ઝેડ ૮૩૩૩ના ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

જ્યારે અકસ્માતના બીજા બનાવમાં ઊંઝાના રહીશ બળદેવભાઈ વિહાભાઈ પટ્ટણી ઊંઝા કામલી રોડ પર બાઈક લઈને જઈ રહ્યા હતા ત્યારે અચાનક બાઈક સ્લીપ ખાઈ જતાં તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારકવાર માટે પાટણના ધારપુરની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું.




## અરવલ્લીના ગામડાઓમાં નેતાઓ કે કાર્યકર્તાઓએ પ્રવેશવુ નહિના બેનરોનો ટ્રેન્ડ ચાલ્યો

મોડાસા તાલુકાના ખંભીસર ગામના પાટીદાર સમાજના યુવાનો દ્વારા ગામના પ્રવેશદ્વાર આગળ અને જાહેર સ્થળોએ કોઈપણ રાજકીય પક્ષના નેતાઓ કે કાર્યકર્તાઓએ વોટ માંગવા પ્રવેશવું નહિ ના બેનરો લગાવ્યા પછી જીલ્લાના બાયડ તાલુકાના લેનપુર, ચોઈલા અને જીતપુર પાટીદાર સમાજ દ્વારા અને મોડાસા તાલુકાના બગીયાદ મહિલા અને યુવાનો દ્વારા થાળી વગાડી રેલી કાઢી હતી. જ્યારે મંગળવારે સાંજે ડુઘરવાડા ગામના કેન્ડલમાર્ચ યોજાઈ હતી. મોડાસા તાલુકાના લીંભોઈ પહાડપુરમાં પાટીદાર આંદોલનને સમર્થન કરતા બેનરો લગાવવાની સાથે નહેરૂ કંપાના પાટીદાર સમાજની મહિલાઓએ થાળીઓ વગાડી રેલી કાઢી ગામના પ્રવેશ દ્વારે બેનરો લગાડ્યા હતા. અરવલ્લી જિલ્લાના પાટીદાર સમાજના ગામડાઓમાં ટ્રેન્ડ ચાલ્યો હોય તેવું લાગી રહ્યું છે. સાથે સાથે પાટીદાર સમાજના ગામડાઓમાં અમે રહી ગયા તેવા ઉદ્દેશથી પણ બેનરો લગાવવાના શરૂ થાય તો નવાઈ નહિ. (તસવીર : જય અમીન, મોડાસા)

## બાયડમાં બુટલેગરો બેફામ બન્યા

# પત્રકારને અમારા વિરૂદ્ધમાં કેમ છાપ્યું છે તેવું કહી જાનથી મારી નાંખવાની ધમકી

### જો આમ સમાજની ચોથી જાગીરને જ ધમકીઓ મળતી રહેશે તો આમ જનતાનું શું ?

બાયડ, તા. ૧૬

બાયડ શહેરમાં છેલ્લા કેટલાય વર્ષોથી બાયડ રેલવે ફાટક નજીક દારૂનો મોટાપાયે ધંધો કરનાર બુટલેગર મોયો સલાટ અને તેનો સુપુત્ર ધર્મેન્દ્ર સલાટ બેફામ બન્યા છે. પોલીસ ખાતાના કેટલાક વર્દીધારીઓની મહેરબાનીથી આ બુટલેગરોને જાણે કોઈપણ જાતની બીક જ ન હોય તેમ આજથી બે દિવસ પહેલા આ દારૂના બુટલેગરના સાગરીત વિજયભાઈ પરમારને બાયડ પોલીસે બાયડ યુજીવીસીએલ નજીકથી દારૂની ત્રણ બોટલની ડીલેવરી કરતી વખતે રંગે હાથે ઝડપી પાડ્યો હતો. અને જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો. જ્યારે આ બુટલેગરે બે નંબરના મસમોટા રૂપિયાથી ધનસુરા તાલુકાના ખેડા નજીક રોડ ઉપર જમીન રાખી વગર લાયસન્સે હોટલ ચાલુ કરીને આ હોટલની આડમાં પણ દારૂનો ધંધો ચલાવાતો હતો. ત્યારે તે જ દિવસે ધનસુરા પોલીસે પણ આ હોટલ પર રેડ કરી ૩૦ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો અને જ્યારે બાયડ પોલીસે આ દારૂના ગોડફાધર એવા મોયા સલાટ અને ધર્મેન્દ્ર સલાટને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા.

આ પિતા - પુત્રને વોન્ટેડ જાહેર કરવા છતાં પણ બાયડ શહેરમાં ખુલ્લેઆમ ફરી રહ્યા છે ત્યારે ગઈકાલે લોકાર્પણ ન્યૂઝમાં કામ કરતો અને બાયડ ખાતે રોકસ્ટાર પાનપાર્લર ચલાવતા મોહીન બલોચને ધર્મેન્દ્ર સલાટ - વીજય પરમાર તેમજ અન્ય ત્રણ સાગરીતો સાથે સીલ્વર કલરની માઈક્રો કારમાં આવીને તે પોલીસને બાતમી આપી અમારો દારૂ કેમ પકડાવી દીધો અને પેપરમાં અમારા વિશે ખોટુ ખોટુ કેમ છાપ્યું છે તેમ કહી રાજકોટથી બુટલેગરો બોલાવી તારૂ મર્ડર કરાવી નાખીશ તેવી ધમકી આપી હતી. ત્યારે જો સમાજની ચોથી જાગીર એવી પત્રકાર કે જે સમાજને સાચી દિશા બતાવનારને જો બુટલેગરો દ્વારા આ રીતે જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવશે તો પછી આમ નાગરીકનું શું ? ત્યારે આ અંગે લોકાર્પણ ન્યુઝના પત્રકાર મોહીન બલોચની ફરીયાદના આધારે બાયડ પોલીસે ૪ આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### બાયડ ટોલ ટેક્સના કર્મચારીની ગાડીમાં વોન્ટેડ આરોપી દેખાયો હોવાની ચર્ચા

#### વાન નંબર જીજે-૩-ઈસી-૮૨૬૨

બાયડ તાલુકાના બાયડના દારૂના કેસમાં વોન્ટેડ આરોપી ધર્મેન્દ્ર સલાટ ગઈકાલે રાત્રીના સુમારે વાત્રક ખાતે આવેલા ટોલ ટેક્સના કર્મચારીની જીજે-૩-ઈસી-૮૨૬૨ નંબરની સીલ્વર કલરની માઈક્રો ગાડીમાં દેખાતા નગરમાં તરેહ તરેહની ચર્ચાએ જોર પકડ્યું હતું.